સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

બે હાથના લાડુ ખાવા જતાં ફરી પથારી છે!
મેલી રમત હવે પડી એમને જ ભારી છે!
સલવાણી સરકાર પરિપત્રના પેચમાં -
અનામતની મમતમાં હવે મતિ મારી છે!
(ઉકેલ : બધાને નીમી દો !!)
વાહ રે બુદ્ધિ ?!)

હાઈકુ

લ્યો ખોદ્યો ખાડો -
- પડ્યા પણ પોતે જ -
વર્ગ-વિગ્રહ...

અટક્યું હવે -
અસ્થિ અનામતનું -
સાપ ને ગળે...

ચિંતન

સંરક્ષયેત્ કૃપણવત્, કાલે ધ્યાદ્વિરકતવત્ ।
મૂર્ખત્વ મન્યથા યાસિ, સ્વધનવ્યયતો અપિ ચ ॥

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

કંજૂસની માફક ધનનું રક્ષણ કરો, અને સમય આવે વિરક્તની માફક મેળવેલા ધનમાંથી સારી પેઠે દાન પણ કરો. મેળવેલા ધનનો અવળે માર્ગે ઉપયોગ કરવાથી 'મૂર્ખ'માં જ ગણના થાય છે.

દાનનું મહત્ત્વ છે, પણ દાન સુપાત્રને જ થવું જોઈએ. દાન આપવા માટે ધન હોવું જરૂરી છે. ધનની બચત કરવી જોઈએ. ધન ખોટે રસ્તે, ખોટી રીતે કે ખોટા કાર્યમાં વેડફી નાખવાનો અર્થ નથી. માણસમાં બચતની ટેવ હોવી જરૂરી છે પણ બચત એવી રીતે કરવી કે જીવન જરૂરિયાત અને જીવનનું સ્તર સચવાય એ પ્રમાણે જીવન જીવ્યા પછી બચત કરવી.

જરૂરિયાતોને માર મારી હાથે કરીને હેરાન થવું એ કંજૂસાઈ છે. 'કંજૂસ'નો ખિતાબ મળે જ, સાથે 'મૂર્ખ' પણ ઠરે.

સુવિચાર

- શ્રદ્ધા જ્ઞાન આપે છે, નમ્રતા માન આપે છે, યોગ્યતા સ્થાન આપે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- એ ઈમારત ખળખળી પણ ના શકે, નીવથી સાચું જો ચણતર થાય છે,
  કોઈ પણ પડકારને પહોંચી વળે, પગ ઉપર જાતે જ પગભર થાય છે - **તુરાબ હમદમ**
- જીંદગી શીખવાડે તે શીખી લેજો,
  કયો પાઠ ક્યારે કામ લાગી જાય તે ક્યાં કોઈને ખબર ? - **અખંડ આનંદ**
- 'ડેથ' નક્કી છે પરંતુ 'ડેટ' નક્કી નથી - **દિનકર જોષી**
- જાણવું, માનવું અને આચરણ એટલે જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર્ય - **જિનસુત્ત્વ**
- વિપરિત સંયોગથી આપણને કોઈ છોડાવી શકવાનું નથી. સંયોગ ગમે તેવા હોય પણ એ સંયોગ ને જે પાર પામી જાય છે તે મહાન બને છે. પ્રશંસાને યોગ્ય બને છે - **રાજયસૂરિશ્વરજી સાહેબ**
- આજનું ઔષધ : ગાલપચોળીયામાં હળદર, કાળી જીરીનો પાઉડર અને મીઠું સમપ્રમાણમાં લઈ પાણીમાં પેસ્ટ બનાવી લેપ કરવાથી રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક વાર સોક્રેટિસ તેમના મિત્રો સાથે ચર્ચામાં વ્યસ્ત હતા અને એક સામુદ્રિક શાસ્ત્રી જયોતિષ ત્યાં આવ્યો. માણસનો ચહેરો જોઈને હું સ્પષ્ટ સચોટ ભવિષ્ય કહેવાનો તેણે દાવો કર્યો. ગમ્મત કરવા ખાતર એક મિત્રે સોક્રેટિસ તરફ આંગળી ચીંધી તેમનું ભવિષ્ય કહેવાનો ઈશારો કર્યો. પેલો જયોતિષ સોક્રેટિસને તે ઓળખતો કે જાણતો ન હતો. તેણે સોક્રેટિસના ચહેરા પર તાકીને જોયું, અને કહ્યું, 'આ માણસ લુચ્ચો છે, જુઠ્ઠો છે, પાખંડી છે, ઘમંડી છે.' સોક્રેટિસ જરાયે વિચલિત થયા વિના બિલકુલ શાંતિથી સાંભળી રહ્યા. પરંતુ... તેમના મિત્રોએ મિજાજ ગુમાવ્યો અને પેલાને બોલતો બધ કર્યો. અને ભગાડી મૂક્યો. મિત્રે કહ્યું, 'તમને ગુસ્સો કેમ ન આવ્યો ?' સોક્રેટિસનો જવાબ 'શા માટે ગુસ્સો આવે ?' મિત્ર પેલો તમને ગમે તેમ બોલતો હતો એટલે ? સોક્રેટિસે કહ્યું, 'અરે ભાઈઓ!! હું શા માટે ગરમ થાઉં ?' પેલા જયોતિષે કહેલા બધા જ અવગુણો મારામાં છે. પરંતુ... એ બધા ઉપર 'વિવેક' સવાર થઈને બેઠો છે. એ બધા અવગુણો દેખાતા નથી. જો હું તેની સાથે તેના જેવો જ બની જાઉં વિવેક ગુમાવીને એલફેલ બોલવા લાગી જાઉં તો પછી... મેં માનવીય ગુણો ગુમાવેલા ગણાય. જેવા સાથે તેવા થવામાં મને મારો વિવેક રોકે છે. અને આ 'વિવેક' જ મારી મૂડી છે. નાની ઘટનામાં સોક્રેટિસે મિત્રોને જીવન રહસ્ય સમજાવી દીધું.

સેનામાં મહિલાઓને સમાન અધિકાર

તંત્રીસ્થાનેથી...

કુદરતે સ્ત્રી અને પુરુષને વિશિષ્ટ ક્ષમતાઓથી સજ્જ કરી જવાબદારીઓનું સમજણપૂર્વક નિર્વહન કરવાની અપેક્ષા રાખી હશે. પરંતુ કાયદો તો બેઉને સમાન ગણી દરેક ક્ષેત્રમાં સરખી તક અપાવવાની જ તરફેણ કરે. ભારતીય સેનામાં મહિલાઓ સેવારત છે જ; પરંતુ એમને યુદ્ધ મોરચે લડવા મોકલવાની માનસિકતા હજી સુધી કેળવાઈ નથી. એમને વહીવટી અને ટેકનિકલ કામ સોંપી વધુમાં વધું ચૌદ વર્ષની સેવા પછી નિવૃત્ત કરી દેવાય છે. સેનામાં પરમેનંટ કમિશન મેળવી ટ્રૂપનો કમાન્ડ સંભાળવા માટે મહિલાઓ કાર્યક્ષમ હોવા છતાં એમને અત્યાર લગી એવી જવાબદારી સોંપાતી નહોતી. આ મુદ્દે મહિલા આરામી અધિકારીઓએ સમાન હક અને તકની માગણી કરતાં હાઈકોર્ટ એ વાજબી ગણી હતી. સરકારે પરંપરાનો હવાલો આપી મહિલાઓની શારીરિક અને માનસિક સ્થિતિ જોતાં તેમને કમાન્ડ પોસ્ટિંગ આપવું હિતાહ નહીં હોવાનું જણાવ્યું પરંતુ સુપ્રીમ કોર્ટે એની આ દલીલ ફગાવી દીધી છે. ભારતીય સેનામાં પહેલાંથી જ મહિલા અધિકારીઓ સેવારત છે પરંતુ અત્યાર સુધી તેમને શોર્ટ સર્વિસ કમિશન મુજબ દસ વર્ષ માટે કે વધુમાં વધુ ચૌદ વર્ષ માટે ભરતી કરાતી રહી છે. પરમેનંટ કમિશનનો અમલ થતાં તેમને કમાન્ડ પોસ્ટિંગ મળતું થશે. તેઓ સરહદ પર યુદ્ધમાં સીધો ભાગ લઈ શકશે. ભારતીય સેના માટે આ ક્રાંતિકારી ફેરફાર મનાશે. સરકારની એ દલીલમાં તથ્ય છે કે પુરુષ સૈનિકો મહિલા અધિકારનું નેતૃત્વ સ્વીકારવાનું જલદી પસંદ નહીં કરે. વર્ષો જૂની પરંપરા મુજબ સ્ત્રીને પુરુષની સરખામણીએ શારીરિક અને માનસિક રીતે નબળી ગણવામાં આવતી રહી છે. ફક્ત ભારતમાં જ નહીં, સુધરેલા દેશોમાં પણ આ પ્રકારની પરંપરાગત માન્યતા ચાલતી રહી છે. જમાનો બદલાયો છે. સ્ત્રી હવે માત્ર રસોડાની રાણી કે શયનખંડની સંગિની નથી રહી. તે પોતાની આગવી ઓળખ ઊભી કરી ચૂકી છે. લગભગ તમામ ક્ષેત્રોમાં એણે પોતાની ક્ષમતા પુરુષ સમોવડી અને ક્યારેક તો પુરુષથી ચડિયાતી સિદ્ધ કરી છે. જયારે જુનવાણી વિચારધારા અત્યંત પ્રબળ હતી ત્યારે આ દેશમાં ઝાંસીની રાણી, કિત્તૂરની રાણી ચેનમ્મા, રઝિયા સુલતાના, જેવી મહિલાઓએ રણમોરચે વિક્રમજનક કામગીરી બજાવેલી છે. પોલીસનું કામ અગાઉ પુરુષજાતનો ઈજારો બની ગયેલું જેમાં પ્રથમ મહિલા આઈપીએસ કિરણ બેદીના ઉદાહરણ પછી શકવર્તી પરિવર્તન આવ્યું છે. મહિલાઓ માટે શારીરિક અને માનસિક સંદર્ભે વધુ અનુકૂળ ગણાતાં શિક્ષણ અને આરોગ્ય જેવાં ક્ષેત્રો બહાર નીકળીને હવે આપણી મહિલાઓ વિમાનો ઉડાડતી થઈ છે. સાહસ એ માત્ર પુરુષજાતનો ઈજારો નથી તે એવરેસ્ટ સર કરનારી બચેન્દ્રીપાલથી લઈ વિકલાંગ મહિલાએ સાબિત કર્યું છે. વિદુષી ન્યાયમૂર્તિ તરીકે અને છેક વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ તરીકે મહિલાઓએ યાદગાર સેવાઓ આપી છે. એક આ સેનાનું ક્ષેત્ર એવું હતું જેમાં મહિલાઓને કોમલાંગી ગણી કર્નલ અને તે પછીના પદ સુધી પહોંચવાની તક નહોતી મળતી. સુપ્રીમ કોર્ટે એ તક અને હકના દરવાજા ખોલી આપીને સમાનતાના અધિકારનું અનુમોદન કર્યું છે. અલબત્ત, હજી આ અંગે નિર્ણય લેતાં પહેલાં ચર્ચાવિચારણા જરૂર થશે કારણ કે સેનાએ અત્યંત કપરી પરિસ્થિતિનો સામનો કરવાનો હોય છે. મહિલાઓ જન્મજાત વિશેષ સંવેદનાશીલ, કરુણાશીલ અને દયાળુ હોય છે - એ મુદ્દો પણ વીસરવા જેવો તો નથી જ ! શું એ પુરુષ જેટલી કઠોર, ક્રૂર, નિર્દય બની શકશે ?

બાળકોને રમતા જોવામાં તેમને મજા પડતી

નવાં કલેવર
નટવર હેડાઉ

બગીચાને એક ખૂણે શશીકાંત પગ લાંબા કરીને બેઠા હતા. બાંકડો ખાલી હતો. તેથી તેના પર અડધું શરીર લંબાવી સુતા સુતા તે બગીચામાં ક્રિકેટ રમતાં બાળકોને જોઈ રહ્યા હતા.

સૂરજ આકાશમાં ઉપર ચડી આવ્યો હતો. આજુબાજુ મોટાં મોટાં વૃક્ષો પર પંખીઓ કલરવ કરતાં હતા અને બગીચાની હરિયાળી લોનમાં રમતાં બાળકો શોરબકોર કરતાં હતા.

થોડે દૂર હિંચકા, લપસણી અને ચકડોળ પાસે નાનાં ફૂલકાઓને તેની મમ્મીઓ હિંસકા ખવડાવતી હતી. કોઈ દાદા દૂર બેસી બાંકડાના ટેકે લાકડી ટેકવી ચશ્માના કાચ સાફ કરી રસ્તા પર આવતાં જતા વાહનોને જોતા હતા. ગુલાબની ક્યારીમાંથી માળી ગોડકામ કરતો હતો. ફૂલ પર પતંગિયાની ઉડાઉડ સાથે ભમરાઓનો ગુંજારવ જાણે ફૂલોનાં કાનમાં કંઈક ધીમે રહીને કહી રહ્યો હોય એવો લાગતો હતો.

શશીકાંત આમ તો આ બધું રોજ જોતા હતા. તેમને આ બધું ગમતું તેથી અહીં બગીચામાં આવીને બેસી જતા. એકાદ કલાક આમ બેઠા બેઠા બાળકોને રમતાં જોવામાં તેમને મજા પડતી હતી. થોડા મહિનાઓથી તેમને કાને હવે ઓછું સંભળાવા લાગ્યું હતું. તેથી અમુક અવાજો તેમના મગજમાં ગુંજતા અને પછી એમ જ શાંત થઈ જતા હોય એવું તેમને લાગતું હતું.

અચાનક એક બોલ આવીને તેમના પગે ટકરાયો. બોલ એટલો જોરથી વાગ્યો તે તેમના પગમાં ઝણઝણાટી આવી ગઈ. ને ઝટકા સાથે એકદમ બેઠા થઈ ગયા અને પોતાનો પગ દબાવવા લાગ્યા. તેમને પગમાં વાગી ગયું હશે તેવી પરવા કર્યા વિના જ એક છોકરો આવ્યો અને શશીકાન્તની નજીકમાં પડેલ બોલને લઈ આવ્યો હતો.

તેમના હોઠ પર હાસ્ય છલકાઈ આવ્યું. કેમ કે બોલ તેમના પગમાં વાગે એ માટે તો એ પગ લાંબા કરી ત્યાં બેઠા હતા. નહીંતર બાળકો રમતાં હોય ત્યાં નજીકમાં જઈ આ રીતે બેસવાની એમને ક્યાં જરૂર હતી.

બોલના સ્પર્શ માત્રથી તન મનમાં તેમને સ્ફૂર્તિનો સંચાર અનુભવાતો હતો. તેમને એમ લાગતું કે તેમની ઉંમર નાની થઈ ગઈ છે. તે ઊભા થયા અને મેદાનમાં દોડવા લાગ્યા. જાણે કે તે બોલથી રમતા ન હોય!

આ રીતે શશીકાંતને પોતાના બાલપણના દિવસોની યાદ તાજી થતી હતી. તેથી બહુ મજા આવતી. પણ જે દિવસે બાળકો ઘેર જતાં રહ્યાં હોય તે દિવસે તેમની હાલત જોવા જેવી હતી. લાકડી લઈ બગીચાના એક છેડેથી બીજા છેડે ધીમે ચાલવા છતાં તેમને શ્વાસ ચડી આવતો.

છોકરાઓને પણ ખબર હતી કે આ ઘરડા દાદા ને બોલ વાગે તો તે કંઈ કહેતા નથી.

બોલ ક્યારેક મનની સાથે ઉછળતો અને ક્યારેક આંખોની સામે દોડતો હોય એમ તેમને લાગતું. ક્યારેક મોકો મળતાં બોલ પોતાની તરફ આવતો જોઈ તે ઊભા થઈ જતા અને બોલને પોતાના પગથી કીક મારી બાળકો તરફ ફેંકતા.

બોલના સ્પર્શનો રોમાંચ અનુભવાતો અને તે બાળક બની જતા તેની જે મજા હતી તે બીજાને કદાચ ન સમજાય એવું પણ બને.

અગસ્ત્યનો વાયદો અને માનવીય સંબંધો

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

અગસ્ત્ય મુનિને આપણે સૌ જાણીએ છીએ. અગસ્ત્ય મુનિ સાથે જોડાયેલી એક કથા, એક પૂરાકલ્પન ખૂબ જ પ્રચલિત છે. સમુદ્રમાં રહેતા કાલકેય રાક્ષસનો નાશ કરવા માટે મુનિ પૂરો સમુદ્ર પી ગયેલા. એક શ્લોક આ પૂરાકલ્પનને સ્પષ્ટ રીતે પ્રગટ કરે છે;

કિં જન્મના ચ મહતા પિતૃપૌરુષેણ
શક્ત્યા હિ યાતિ નિજયા પુરુષઃ પ્રતિષ્ઠામ્ ૈં
કુંભો ન કૂપમ અપિ શોષયિતું સમર્થઃ
કુંભોદ્ભવેન મુનિના બુ બુદ્ધિરેવ પીતઃ ૈં

અર્થાત ; જન્મના કુળથી કે પિતાઓએ કરેલા મહાન પરાક્રમથી શું વળે? મનુષ્ય પોતાની શક્તિ વડે જ પ્રતિષ્ઠા પામે છે.ઘડો તો કૂવાને પી જવા માટે પણ સમર્થ ન ગણાય, પરંતુ ઘડામાંથી ઉત્પન્ન થયેલા (અગસ્ત્ય) મુનિ સમુદ્રને પી ગયેલા.

ઋગ્વેદની ઘણીબધી રુચાઓનાં રચયિતા, રામાયણ અને મહાભારત જેવ ગ્રંથોમાં જેમનો ઉલ્લેખ છે એવા અગસ્ત્યમુનિનું સ્થાન રામના સમયના મહાન ઋષિમુનિઓમાં તેમનું સ્થાન ઘણું ઊંચું હતું. મુનિ ઘડામાંથી ઉત્પન્ન થયેલાં. તેઓ મિત્રાવરણનાં પુત્ર હતા. તેમની પત્નીનું નામ લોપામુદ્રા હતું.

અગસ્ત્યઋષિ વિષે બીજી એક કથા પણ લોકોમાં ખૂબ જ જાણીતી છે. વિંધ્યાચળ પર્વતને એકવાર મેરુ પર્વતથી પણ ઊંચા થવાના કોડ જાગ્યા. પોતાના એ કોડને પૂરા કરવા માટે તે ઊંચો ને ઊંચો થવા લાગ્યો. એ પર્વતની ખૂબ જ વધી ગયેલી ઊંચાઈને કારણે ઋષિમુનિઓ અને પર્વતની તળેટીમાં રહેતા પ્રજાજનો ખૂબ જ પરેશાન થઈ ગયા કારણકે પર્વત તેની ઊંચાઈ વધાર્યે જતો હતો અને તેની ઊંચાઈ અને આડશને કારણે લોકો પૂર્ણ સૂર્યપ્રકાશથી વંચિત થઈ ગયા. આ વાતની અગસ્ત્ય મુનિને જાણ થઈ. અગસ્ત્યમુનિ વિંધ્યાચળનાં ગુરુ હતા અને વિંધ્યાચળ તેમનો પડયો બોલ ઝીલતો. આર્યસંસ્કૃતિનાં પ્રચાર માટે અગ્નિએશિયા અને દક્ષિણ ભારત તરફ જઈ રહેલા ગુરુ અગસ્ત્યનાં કહેવાથી વિંધ્યાચળે આડા પડીને ગુરુદેવને શાષ્ટાંગ પ્રણામ કર્યા. આમ જે વિંધ્યાચળ જેવા પર્વતને પણ આડો પડી શકે તે અગસ્ત્ય. (અગં પર્વત સ્તંભ્યતિ ઈતિ અગસ્ત્ય) વિંધ્યાચળને આડો પાડીને ગુરુ અગસ્ત્યએ પર્વતને આજ્ઞા કરી કે પોતે જ્યાં સુધી દક્ષિણ ભરત તરફથી પાછા ના ફરે ત્યાં સુધી આડો જ પડી રહેજે. બીજા શબ્દોમાં, વિંધ્યાચળને આડો પાડતી વખતે અગસ્ત્યમુનિએ પર્વતને વાયદો આપેલો કે પોતે પરત આવીને તેમને ઊભો થવા દેશે. વાયદો કર્યા પછી અગતસ્ય દક્ષિણમાંથી ક્યારેય પાછા ના ફર્યા અને આજે પણ વિંધ્યાચળ આડો પડ્યો રહીને કદાચ ગુરુદેવ વાયદો પાળે તેની પ્રતિક્ષા કરી રહ્યો છે. ગુજરાતી ભાષામાં, ગુજરાતમાં ખોટા વાયદા કે લાંબા અને ન પળાય એવા વાયદાને "અગસ્ત્યનો વાયદો" કહેવાય છે.

માનવીય સંબંધોમાં રોજ-બ-રોજના વ્યવહારમાં વ્યક્તિ પોતાના ઘણા સંબંધીઓને ઘણા પ્રકારના વાયદાઓ આપતી રહેતી હોય છે. સંબંધીઓને પોતે આપેલા વાયદાઓમાંથી કેટલાક વાયદાઓ વ્યક્તિ કાળજીપૂર્વક પાળતી હોય છે અને કેટલાક વાયદાઓ નથી પાળતી હોતી. ના પાળી શકાયેલા વાયદાઓમાં કેટલાક વાયદાઓ ઈરાદાપૂર્વક પળાતા નથી. કેટલાક વાયદાઓ ઈચ્છા અને ઈરાદા હોવા છતાં પણ વ્યક્તિ દ્વારા પાળી શકાતા નથી. વાયદાઓ ના પાળી શકવાના જે કઈ કારણો હોય, પણ વ્યક્તિ પોતે કરેલા બધા જ વાયદાઓ વ્યક્તિ પાળી શકતી નથી એ હકીકત છે, સનાતન સત્ય છે. વાયદાઓ ન પાળી શકવાને કારણે સંબંધોમાં ઘણી બધી સમસ્યાઓ ઊભી થતી હોય છે.

વાયદો, વચન, પ્રોમિસ, જેવા શબ્દો આદર્શ શબ્દો છે અને ખૂબ જ મોટા શબ્દો પણ છે. આ શબ્દો વજનવાળા છે. આ ગંભીર શબ્દો છે. એ શબ્દો એવા છે જે એમ ને એમ ફેંકી દેવા જેવા નથી. એ શબ્દોમાં એક પ્રકારની લાગણી હોય છે. એ શબ્દોમાં એક પ્રકારની ખુમારી હોય છે. એ શબ્દોમાં એક પ્રકારની વચનબદ્ધતા હોય છે. વાયદાઓ કરવા એક વ્યવહાર છે. કરેલા વાયદાઓને પાળવા એ જીવનનું મૂલ્ય છે. વાયદાઓ પાળવાથી જ જીવનનાં એ મૂલ્યનું જતન થતું હોય છે. વાયદાઓ પાળવાથી કઈક બનતું હોય છે અને ન પાળવાથી ઘણીવાર ઘણુંબધું તૂટતું હોય છે. આમ વાયદા થકી કઈક બનાવવું, કઈક જોડવું કે કઈક તોડવું એ વાયદો આપનારનાં હાથમાં જ હોય છે.

કેટલીક વ્યક્તિઓને વાયદાઓ આપવાની એક પ્રકારની આદત પડી ગયેલી હોય છે. કહો કે તેમને વાયદાઓ આપવાનું એક વ્યસન થઈ ગયું હોય છે. તેઓ વાતવાતમાં વાયદાઓ આપી દેતા હોય છે એ પણ એકાદ-બે નહીં પણ ઘણાબધા લોકોને ઘણાબધા વાયદાઓ આપી દેતાં હોય છે. અતિ ઉત્સાહમાં આવી જઈને સંબંધીઓને ઘણાબધા વાયદાઓ આપી દીધા પછી આ પ્રકારના લોકોને પોતે આપેલા વાયદાઓ યાદ પણ નથી હોતા. ઘણીવાર તો વાયદો આપીને બીજી જ ક્ષણે આપેલો વાયદો ભૂલી જતાં હોય છે. વાયદાઓ આપીને ભૂલી જવા તેના કરતા વાયદાઓ ના આપવામાં જ ડહાપણ રહેલું હોય છે.

વાયદો આપીને ના પાળવો એ તો એક મોટી છેતરપિંડી છે. કદાચ સૌથી મોટી છેતરપિંડી. આ પ્રકારની છેતરપિંડી કરવાથી વ્યક્તિની આબરૂનાં ધજાગરા થતાં હોય છે. વ્યક્તિને પોતાને અને જેમને વાયદો આપ્યો હોય છે એ સંબંધીને મોટું નુકશાન થતું હોય છે. એટલું જ નહીં પણ સાથે સાથે બંને વ્યક્તિઓના સંબધો પણ બરબાદ થતાં હોય છે.

આપણાં સૌ સંબંધીઓ આપણાં શબ્દો પર નહીં, આપણા કાર્યો ઉપર વધારે વિશ્વાસ કરતા હોય છે. વાયદાઓ માત્ર શબ્દો છે પણ એ વાયદાઓ આપણાં કાર્યો દ્વારા જ પૂરા થતાં હોય છે. આમ જે વ્યક્તિ પોતાના કાર્યો દ્વારા પોતાના વાયદાઓ પાળે છે તેમના પ્રત્યેનો સંબંધોમાં વિશ્વાસ વધી જતો હોય છે, તેઓનું સન્માન વધી જતું હોય છે. કારણ કે જે વ્યક્તિ વાયદાઓ કરે છે તેને નહી, જે વ્યક્તિ વાયદાઓ પાળે છે તેમને જ લોકો સન્માને છે.

(ક્રમશ :)

રાષ્ટ્રના છાંસટ ટકા લોકો જીવન સંઘર્ષમાં હતાશ છે !!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

દિવસ અને રાત્રીનું ચક્ર અવિરત ચાલ્યા કરે છે જેમાંથી જીવન પસાર થતું બધાં લોકો અનુભવી શકે, નિહાળી શકે છતાં ત્યાં કોઈ એવી રચના નથી કે તેને રોકી કે સંગ્રહ કરી શકાય માટે જ જીવન એ વહેતી સમય સરિતા છે. સૂર્યોદય પ્રતિદિન થાય અને તેના ફળ સ્વરુપે જે કંઈ પ્રાપ્તિ થતી રહે છે તે દરેક માટે ખાસ કે વિવિધ પ્રકારની જ હોય છે. કોઈને જીવન અતિ મધુર અને મીઠું લાગે છે તો કોઈને વિષ જેવું જણાય છે કેમ કે એ સાપેક્ષ છે, બાળકોના મને જીવન અતિ સુંદર, જિજ્ઞાસાભર્યું, નિખાલસ લાગે છે તો વૃદ્ધોના મનને ઈશ્વરની કૃપા અને મહેરબાની દિસે છે ! બધાની સક્ષમતા, ઉંમર, ભણતર, ઉછેર, વિચાર વગેરે અલગ અલગ હોવાથી જીવન પ્રત્યેનો અભિગમ જે હોય તે પણ વૈવિધ્યપૂર્ણ જોવા મળે છે.

'ના રૂકા હૈ ના રૂકેગા
ના રોક પાયેગા કોઈ
વક્ત વો મુસાફિર હૈ
જીસ કા કોઈ હમસફર નહીં હોતા'

બહુધા કોઈ પણ રાષ્ટ્રની પ્રજાની સુખાકારીનો મોટો આધાર આર્થિક દૃષ્ટિએ જ વધુ ધ્યાનમાં લેવાય છે. સમયના બદલાવમાં વાસ્તવમાં માનવ વિચારોનું જ પરિવર્તન હોય છે હવેની નવી પેઢી વિદેશ જવા તલપાપડ છે, જલ્દી-ઉતાવળમાં જોવા મળે છે અને અરમાનો ડૉલરની કમાણીમાં ચોંટી ગયા છે! ભારતની ભૂમિ કે વતન પ્યારું નથી એવું પણ નથી છતાં નાણાંની કમાણીથી બધું જ સુખ પ્રાપ્ત થાય છે તે સર્વત્ર સ્વીકૃત થઈ ગયેલી વિચારધારા છે અને એ પણ સાચું છે કે વ્યક્તિના ગુણોની કદર નથી પણ તે ધનવાન છે તો તે માન પામી કે છે તેવા પ્રકારની સામાજિક રચના થઈ ગયેલી છે ! લોકો પરિશ્રમનું નહીં પરંતુ પરિણામનું સન્માન કરે છે. જીવન સંઘર્ષ કપરો થતો જ જાય છે અને તેમાં વધુ પડતો તણાવ ખુશીઓને ખતમ કરી દે છે. ભારતમાં તાજેતરમાં થયેલા એક સર્વેક્ષણમાં ફલિત થયા મુજબ રાષ્ટ્રનાં ૬૬ % ટકા લોકો એ વ્યક્ત કર્યું કે તેઓ અતિ પરેશાન એટલા માટે છે કે તેઓ જીવન નિર્વાહમાં ખુબ પીડિત છે કારણ કે ખર્ચા જે ગતિથી વધતા જાય છે તે ગતિથી આવકો વધતી નથી!!

'જીવન ઉપવન' કોલમની સફરના ચાર વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે તો બધા જ સુજ્ઞ વાચક મિત્રોનો ખુબ ખુબ આભાર...
આપના મૂલ્યવાન સૂચનો આવકાર્ય છે.
મો. ૯૯૨૪૫૪૯૭૪૯

હવે આ મુદ્દો ચિંતાકારક એટલા માટે છે કે જે ૩૪ % ટકા લોકો બાકી રહ્યા તેના યોગદાનથી જ આગળ જવાનું છે જે બેન્કોને માટે ભાવિ થાપણદાર હોય કે સક્ષમ લોન લાભાર્થી થઈ શકે ! આવકની અસમાન વહેંચણીમાં વ્યાપ વધતો જાય છે અને એના લીધે જ માયુસ લોકોની સંખ્યા વધતી જાય છે. બજેટ ગમે તેવું બનાવવામાં આવે કે રકમ ફાળવવામાં આવે તેમ છતાં બજેટ મુજબ બધા ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત થઈ રહી છે કે નહીં તેનું સતત્ આકલન થવું ફરજિયાત લાગે છે. ગરીબી હટી નથી અને નારાબાજી કરનારાઓ પ્રગતિના રસ્તે પહોંચી ગયાના દાખલાઓ સમાજમાં દરેકને જોવા મળે છે જે કડવી વાસ્તવિકતા છે! ભારતમાં ઈશ્વરની કૃપાથી બધું ખુબ ઉપલબ્ધ છે તેમ છતાં બધા ક્ષેત્રોમાં અશાંતિ અને અજંપાનું વાતાવરણ વ્યાપક થઈ રહ્યું છે તેનો સીધો અને સરળ અર્થ એ છે કે માનવધર્મમાં ક્યાશ, નિષ્ઠાની કમી, પ્રામાણિકતાની અછત, મોહ તથા લાલચ ખુબ પ્રબળ થઈ રહ્યા છે, માટે વસ્તીના ૬૬ ટકા લોકો વ્યથાપૂર્ણ જીવનથી ખુબ હતાશ-ઉદાસ છે. જેનું હકારાત્મક યોગદાન મળી શકે તેમ નથી. પ્રવર્તમાન સરકાર તેના જાહેર કરેલા ઈલેકશન મેનિફેસ્ટો મુજબ કાર્યો કરવા પ્રયાસો કરી રહી છે તે આનંદની વાત છે પરંતુ અગ્રતાક્રમ કયા કયા પ્રતમ અમલીકરણમાં લેવા એ વિશે પુર્નવિચાર કરવાની તાતી આવશ્યકતા ઊભી થઈ છે. સામાજિક સૌહાર્દ વધે તેવી આત્મીય અનુભૂતિ દરેકને થાય તે ઈષ્ટ ગણાશે.

'હું જીતી જાઉં એ જરૂરી નથી
મારા પોતાના ન હારે એ જરૂરી છે.'

રાજકારણમાંથી સુગંધ પ્રગટાવી જાણે એ લોકોના દિલોમાં રહી રાજ કરી શકે છે. ટૂંકાગાળાના લાભ માટે રાષ્ટ્રનું અહિત ઊભુ થાય તેવી તમામ ચેષ્ટાઓ અપરાધથી કમ હોતી નથી. સંબંધોના તાણાવાણાંમાં બધી કોમ અને જ્ઞાતિ-જાતિઓ વર્ષોથી જોડાયેલી છે માટે ત્યાં ગરિમા વધે અને વતન તેનો ગર્વ લે તેવા આયોજનથી રાષ્ટ્ર મહાન અવશ્ય બને.

શેર આસ્વાદ :
એની કોઈ વોરન્ટી કે ગેરન્ટી નથી
છતાં વર્ષોથી પ્રેમી કિંમત ઘટી નથી